ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૩/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૪૦ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૮૩/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી સરસ્વતી આઈસ & કોલ્ડ સ્ટોરેજ લિમિટેડ,કિશોરભાઇ મોહનભાઇ કુહાડા ગામ – વેરાવળ
સબડીવીઝન: જીઆઈડીસી- વેરાવળ

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ
તારીખ: શનિવાર (૦૪.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪.૦૯.૨૦૨૧ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે અમોને કુલ રૂ. ૬૭૧૯૮૪/- નું ભાવપત્રક લોડ વધારા માટે આપવામાં આવેલ છે પરંતુ અમો દ્વારા એચએએલ કોરોના મહામારીની પરિસ્થિતીમાં આ ભાવપત્રક ભરેલ નથી આ ભાવપત્રક ભરવા અમો સહમત છીએ પરંતુ હાલની પરિસ્થિતી અને માછીમારીની ખુબ જ નબળી સિઝનના કારણે એચએએલ અમોની પરિસ્થિતી આ ભાવપત્રક ભરવા સક્ષમ નથી તેમજ હાલ ચાઈના સાથેના સંબંધોના કારણે એમોના ઘણાં પેમેન્ટ અટકેલાં હોય અમોને આ ભાવપત્રક ભરવા વધારાના ૬ થી ૮ મહિનાની મુદત આપવા આપ સાહેબ ને વિનંતી છે આભાર....

અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અત્રેની જીઆઈડીસી પેટા વિભાગીય કચેરી વેરાવળ ના LTMD ના ગ્રાહકશ્રી સરસ્વતી આઇસ & કોલ્ડ સ્ટોરેજ લિમિટેડ ના ગ્રાહક નંબર 84921/56003/0 માં તેમના વીજ જોડાણ ની મહત્તમ માંગ કરારીત વીજ ભાર ઉપરાંતના 5% કરતાં વધારે (ઓછામાં ઓછી 4 વખત) ઓળંગી ગયેલ હોય. તેથી જરૂરી લોડ વધારો કરવા જીઆઇડીસી પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભિત પત્ર.ન.1 થી જરૂરી લોડ વધારો કરવા જણાવેલ. તેમજ તેના અનુસંધાને વિભાગીય કચેરી ના સંદર્ભિત પત્ર ન.2 તથા 3 થી લોડ વધારો કરવા, (એલટી ટુ એચટી કરવા) અંગેની તમામ પ્રક્રિયા કરવા માટે નોટિસો આપેલ હોય. પરંતુ તેમના દ્વારા લોડ વધારો કરવા અંગેની કોઈ કાર્યવાહી હાથ ધરેલ ન હોય જેથી ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમીશન ના નોટિફિકેશન નંબર 4/2015 ક્લોજ નં 4.95મુજબ 30 દિવસમાં તેમના LTMD વીજ જોડાણના કરારીત વીજ ભારમાં વધારો ન કરતાં અત્રેની વિભાગીય કચેરી દ્વારા સુઓ મોટો અંગેની મંજૂરી આપવા વર્તુળ કચેરીને મોકલેલ

૩.૧ જે અંગેની મંજૂરી વર્તુળ કચેરીદ્વારા મળતા. ગ્રાહક શ્રી ને અત્રેની વિભાગીય કચેરી ના સંદર્ભિત પત્ર.નં.4 થી સુઓ મોટો કરવા અંગે નું ભાવ પત્રક રૂ671894.00 નું આપવામાં આવેલ.જે ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ ન કરતાં વિભાગીય કચેરી દ્વારા જીઆઈડીસી પેટા વિભાગીય કચેરીને સંદર્ભિત પત્ર નં 05 થી સુઓ મોટોનું ભાવ પત્રક અંગેકંપનીના નિયમ મુજબ તાત્કાલિક કાર્યવાહી કરવા જણાવેલ. જે મુજબ જીઆઇડીસી પેટા વિભાગીય કચેરીના સંદર્ભિત પત્ર નંબર06 થી તેમને લોડ વધારાનું ભાવ પત્રકની રકમ ભરપાઈ કરી જવા ગ્રાહક શ્રી સરસ્વતી આઇસ & કોલ્ડ સ્ટોરેજને જણાવેલ. તેમની સામે ગ્રાહક દ્વારા સંદર્ભિત પત્ર ન.07 થી સુઓ મોટો નું ભાવ પત્રક ભરી શકે તેવી પરિસ્થિતી નથી. તેવું જણાવી લોડ વધારા નું ભાવ પત્રક ભરપાઈ કરવાની લેખિતમાં ના પાડેલ. જે તેમની અરજીના સંદર્ભે સંદર્ભિત પત્ર નં8 થી કંપનીના નિયમ મુજબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તેવું જણાવેલ. તેમની સામે ગ્રાહકશ્રી સરસ્વતી આઇસ & કોલ્ડ સ્ટોરેજન દ્વારા સંદર્ભિત પત્ર ન.9 થી ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર જુનાગઢ માં રજૂઆત કરેલ.

૩.૨ આમ અરજદાર શ્રી સરસ્વતી આઇસ & કોલ્ડ સ્ટોરેજ ને તમામ યોગ્ય તકો અપાયા બાદ GERC નોટી.ન.4/2015 ની કલોઝ ન. 4.95 મુજબ અત્રેની કચેરી દ્વારા નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. જે સંબંધિત તમામ પત્રો તથા દસ્તાવેજી પુરાવા આ સાથે સામેલ છે જે આપ સાહેબશ્રી ને વિદિત થાય.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં.3.0 અને ૩.૨ મુજબ પીજીવીસીએલ કંપની ના GERC નોટિફિકેશન ૦૪/૨૦૧૫, ક્લોઝ નં. ૪.૯૫ મુજબ લોડ વધારાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે નિયમોનુસાર છે. અને અરજદાર શ્રી ને બંધન કરતાં રહેશે.અને સુઓમોટો મુજબ અપાયેલ અંદાજ પત્ર ભરવાની સમય મર્યાદા વધારવા માટે સક્ષમ અધિકારી/ વડી કચેરી પાસે અરજી કરી શકાય.

.

૪.૨ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ અરજદાર શ્રી દ્વારા જો અંદાજ પત્ર ની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો કંપની ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯